રોગચાળાના ખપ્પરમાં વધુ બે હોમાયા

શરદી-ખાંસી અને તાવના કેસોમાં ઉછાળો, નવી સિવિલની મેડિસિન OPD 600થી વધીને 1000ને પાર

મહિનામાં મૃત્યુ આંક 26 થયો, સૌથી વધુ અસર લિંબાયતમાં, અત્યાર સુધી 6નાં મોત

સુરતઃ શહેરમાં વરસાદના વિરામ પછી પણ પાણીજન્ય રોગચાળો મહામારીની જેમ બેકાબૂ બનતો જઈ રહ્યો છે. શરદી, ખાંસી, તાવ સહિતની બીમારીઓના કહેરમાં મૃત્યુઆંક વધતો જઈ રહ્યો છે. વિતેલા ચોવીસ કલાકમાં ફરી 3 નાં મોતથી ચકચાર મચી જવા પામી હતી. અત્યારસુધી 26નાં મોત થયા, જેમાં સૌથી વધારે 6નાં મોત લિંબાયતમાં થયા છે. શહેરના અનેક વિસ્તારોમાં ઘરે ઘરે તાવ, શરદી અને ખાંસીના દર્દીઓ જોવા મળી રહ્યા છે. ખાસ કરીને વરસાદી માહોલ બાદ વાયરલ ફીવર સહિતની બીમારીઓના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થયો છે. સુરત નવી સિવિલ હોસ્પિટલના મેડિસિન વિભાગમાં સામાન્ય દિવસોમાં એક દિવસમાં આશરે 600 જેટલી OPD નોંધાતી હતી.

જોકે છેલ્લા કેટલાક દિવસોથી આ સંખ્યા સતત વધી રહી છે અને હવે મેડિસિન વિભાગની OPD 1000ને પણ પાર પહોંચી રહી છે.

ખટોદરામાં 18 વર્ષના યુવકનું તાવને કારણે મોત

કેસ-1 મૂળ ઉત્તરપ્રદેશ કાનપુરના વતની યશકુમાર વિનોદ પાલ (ઉ.વ.18) હાલમાં ખટોદરા વિસ્તારમાં આવેલા નંદ ઇન્ડસ્ટ્રીયલમાં રહેતો હતો અને ત્યાં સિલાઇના મશીનના ખાતામાં હેલ્પર તરીકે નોકરી કરતો હતો. યશકુમાર પંદરેક દિવસ પહેલા જ સુરત આવ્યો હતો. તેને ચારેક દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી સ્થાનિક દવાખાનાથી તે સારવાર પણ લઈ રહ્યો હતો. આજે સવારે અચાનક તેની તબિયત ખરાબ થવા લાગી હતી. મિત્રો તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે અન્ય ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું.

એલ એન્ડ ટીમાં ફિટર તરીકે કામ કરતાં યુવાનનું તાવમાં મોત

કેસ-2 મૂળ વિશાખાપટ્ટનમના વતની કેલી ઇશ્વર રાવ (ઉ.વ.45) હાલમાં મોરા ટેકરા વિસ્તારમાં આવેલા તપોવન સોસાયટીમાં રહેતો હતો. તે એલ એન્ડ ટી કંપનીના ફિટર તરીકે નોકરી કરતો હતો. કેલી ઇશ્વરને ત્રણેક દિવસથી તાવ આવી રહ્યો હતો. જેથી સ્થાનિક દવાખાના પરથી દવા લાવીને તેમને લીધી હતી. કાલે તબિયત વધારે ખરાબ લાગતા તેમને નોકરી પર રજા રાખીને રૂમ પર રહ્યા હતા. દરમિયાન આજે બપોરે તેમની તબિયત ખરાબ થતાં તેએ સાથીમિત્રને ફોન કરીને હોસ્પિટલ લઈ જવાનું કહ્યું હતું. જેથી તેને ખાનગી હોસ્પિટલમાં લઈ જવા નીકળ્યા હતા. ત્યાં રસ્તામાં તેનું મોત થયું હતું.

રૂસ્તમપુરાના યુવાનનું તાવમાં મોત

કેસ-3 રૂસ્તમપુરા વિસ્તારમાં આવેલ પારસી પંચની વાડી પાસે 46 વર્ષીય ધર્મેશભાઈ જયંતીભાઈ પટેલ બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા અને લુમ્સ ખાતામાં નોકરી કરતા હતા. ધર્મેશભાઈ બે દિવસથી તાવ આવી રહ્યો હતો. દરમિયાન આજે સવારે ઘરમાં અચાનક તેમને ખેંચ આવતા તબિયત બગડવા લાગી હતી. જેથી પરિવારજનો તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યા હતા.

આ વિસ્તારમાં આટલા લોકોનાં મોત થયાં

વિસ્તાર	મોત
રૂસ્તમપુરા	1
મોરા ટેકરા	1
ખટોદરા	1
ઊન	2
મોટા વરાછા	2
લસકાણા	1
પાંડેસરા	3
ડિંડોલી	6
વરાછા	2
રાંદેર	1
ભટાર	1
કાપોદ્રા	1
લિંબાયત	2
ગોડાદરા	1
પુણા	1

મનપા હાથ પર હાથ મૂકીને બેસી છે?

દર્દીઓની વધતી સંખ્યા અને છેલ્લા એક મહિનામાં 26 જેટલા મોતની સ્થિતિને જોતા હવે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ માટે રોગચાળાને કાબૂમાં લેવાની કામગીરી પડકારરૂપ બની છે. જો કે રોગચાળો બેકાબૂ બન્યો હોવાથી પાલિકાના અધિકારીઓ હાથ પર હાથ મૂકીને બેઠા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.

આજે શ્રાવણનો વીસમો દિવસ

જીવનનાં કષ્ટો દૂર કરતા પાલનપુર પાટિયાના લાલ મંદિરના મહાદેવ

શ્રાવણમાં મહાદેવનો મહિમા

સુરતઃ રાંદેર રોડ પર પાલનપોર પાટીયા ખાતે આવેલું હરસિદ્ધેશ્વર વિનાયક મંદિર એટલે કે લાલ મંદિર શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મોટું કેન્દ્ર બન્યું છે. મંદિરમાં બિરાજમાન ગણેશજી અને મહાદેવના દર્શન માટે મોટી સંખ્યામાં ભક્તો પહોંચે છે. ભક્તોમાં એવી માન્યતા છે કે અહીં શ્રદ્ધાપૂર્વક દર્શન અને પૂજા કરવાથી જીવનના કષ્ટો તથા વિઘ્નો દૂર થાય છે અને સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે. ખાસ કરીને પવિત્ર શ્રાવણ માસ દરમિયાન મંદિરમાં ધાર્મિક માહોલ જોવા મળે છે. શ્રાવણ માસના સોમવારે મહાદેવની વિશેષ પૂજા, જળાભિષેક અને આરતીનું આયોજન કરવામાં આવે છે. ભક્તો ભગવાન શિવને જળ અર્પણ કરી પરિવારની સુખ-સમૃદ્ધિ અને મનોકામના પૂર્ણ થાય તેવી પ્રાર્થના કરે છે.

રેલી બાદ મનપા તંત્ર દોડ્યું, રહેણાંકમાં ધમધમતા 20 કોમર્શિયલ એકમો સીલ

સરથાણા ઝોનમાં સંત દેવીદાસ સોસાયટીના રહેવાસીઓની રજૂઆતની અસર, નોટિસ છતાં ધંધો ચાલુ રાખનાર સામે મનપાની કાર્યવાહી

સુરતઃ રહેણાંક વિસ્તારમાં ગેરકાયદે રીતે ધમધમતી કોમર્શિયલ પ્રવૃત્તિઓ સામે સ્થાનિક રહેવાસીઓની રેલી અને ઉગ્ર રજૂઆત બાદ સુરત મહાનગરપાલિકાનું તંત્ર આખરે સફાળું જાગ્યું છે. સરથાણા ઝોનના સંતદેવીદાસ સોસાયટી સહિતના વિસ્તારોમાં રહેણાંક હેતુ માટે મંજૂર મિલકતોમાં ધમધમતા કોમર્શિયલ એકમો સામે મનપાએ સીલિંગની કાર્યવાહી શરૂ કરી છે. આશરે 20 મિલકતોને સીલ કરવામાં આવી હતી.

સરથાણા-વાલક પ્રિ. ટી.પી. સ્કીમ નં.22, ફાઇનલ પ્લોટ નં.49માં આવેલી સંતદેવીદાસ સોસાયટીમાં રહેણાંક મિલકતોનો હેતુફેર કરી કોમર્શિયલ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી હોવાની સ્થાનિકોએ લાંબા સમયથી ફરિયાદ કરી હતી. ઓનલાઇન શોપિંગના ગોડાઉન સહિતના એકમોને કારણે મોટા વાહનોની અવરજવર, પાર્કિંગ, ટ્રાફિક અને અવરજવર જેવી સમસ્યાઓ સર્જાતી હોવાના આક્ષેપો હતા.

સમસ્યાના ઉકેલ માટે સ્થાનિક મહિલાઓ અને પુરુષોએ મોટી સંખ્યામાં એકત્ર થઈ ભારે સૂત્રોચ્ચાર સાથે સરથાણા ઝોન કચેરી સુધી રેલી કાઢી હતી અને ગેરકાયદે કોમર્શિયલ પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. આ રજૂઆત બાદ મનપાએ અગાઉ અપાયેલી કારણદર્શક અને સીલિંગ નોટિસના આધારે કાર્યવાહી કરી હતી. હવે સીલ કરાયેલા એકમો ફરીથી ન ખુલે અને અન્ય મિલકતોમાં પણ આવી પ્રવૃત્તિ શરૂ ન થાય તે માટે નિયમિત ચેકિંગ કરવાની માંગ સ્થાનિકોએ કરી છે.

ટાસ્ક નામે રૂ.૨૬ લાખની ઠગાઈમાં ધો.12નો વિદ્યાર્થી સેલવાસથી ઝડપાયો

શેરચેટની રીલ લાઈક કરવા અને રોકાણના ટાસ્કના યુવક સાથે છેતરપિંડી

૩ ટકા કમિશન મેળવી બેંક એકાઉન્ટ સાયબર ફ્રોડ માટે ભાડે આપ્યું હતું

દેશભરમાં રૂ.૧.૯૭ કરોડની છેતરપિંડીના તાર જોડાયા

સુરતઃ સોશિયલ મીડિયા પર શેરચેટની રીલ લાઈક કરવા અને પેમેન્ટ ઈન્વેસ્ટમેન્ટ ટાસ્કના નામે એક નાગરિક સાથે રૂ. ૨૬.૧૨ લાખની ઓનલાઈન છેતરપિંડી આચરવાના ગુનામાં સુરત શહેર સાયબર ક્રાઈમ બ્રાંચને મોટી સફળતા મળી છે. પોલીસે સેલવાસ ખાતેથી આદિત્ય શિવશંકર પાંડે (ઉ.વ.૨૦, રહે., દાદરા, મૂળ ઉત્તર પ્રદેશ) નામના ધોરણ-12માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીની અટકાયત કરી છે.

સાયબર ક્રાઈમની તપાસમાં બહાર આવ્યું છે કે, પકડાયેલા આરોપી આદિત્ય પાંડેના HDFC બેંક ખાતામાં ફરિયાદીના રૂ.૧.૨૦ લાખ ટ્રાન્સફર થયા હતા. આ એકાઉન્ટ તેણે ટેલિગ્રામ મારફતે નાસતા ફરતા આરોપી આરીફને ૩ ટકા કમિશનની લાલચમાં સાયબર ફ્રોડના નાણાંની ગેરકાયદે હેરફેર કરવા માટે આપ્યું હતું. આરોપીના બેંક એકાઉન્ટમાં ડિસેમ્બર ૨૦૨૪ થી મે ૨૦૨૬ સુધીમાં કુલ રૂ. ૫૧.૩૧ લાખથી વધુના ટ્રાન્ઝેક્શન થવા પામ્યા છે. NCCRP પોર્ટલ પર તપાસ કરતા આ એકાઉન્ટ સામે દેશના અલગ-અલગ રાજ્યોમાં ૪ જેટલી ફરિયાદો નોંધાયેલી છે, જેમાં રૂ. ૧.૯૭ કરોડથી વધુની છેતરપિંડી આચરાઈ હોવાનું સામે આવ્યું છે. ઠગોએ ટેલિગ્રામ પર રીલ લાઈક કરવાનો ટાસ્ક આપી શરૂઆતમાં વિશ્વાસ કેળવવા રૂ. ૧૫૦ ક્રેડિટ આપ્યા હતા. ત્યારબાદ વધુ વળતરની લાલચ આપી બનાવટી વેબસાઈટની લિંક મોકલી આઈડી બનાવડાવી અલગ-અલગ બેંક ખાતાઓમાં રૂ.૨૬,૧૨,૭૯૧ ટ્રાન્સફર કરાવી લીધા હતા. રકમ વિથડ્રો ન કરવા દઈ ઓનલાઈન ઠગાઈ આચરવામાં આવી હતી.

સંક્ષિપ્ત સમાચાર

કેટરર્સ અશ્વિનભાઈ પંડ્યાનું અષ્ટગામ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા સન્માન

સુરતઃ સુરતના અડાજણના જાણીતા કેટરર્સ અશ્વિનભાઈ પંડ્યાને સુરતના અષ્ટગામ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ દ્વારા સન્માન કરીને તેમને સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. વતનમાં પ્રાથમિક શિક્ષણ લીધા બાદ સુરતમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ લઈને આઈટીઆઈ કરનાર અશ્વિનભાઈ શરૂઆતમાં શાકભાજીના વ્યવસાયમાં જોડાયા અને બાદમાં તેમણે વતનના અનેક લોકોને સુરતમાં સ્થાયી કર્યા હતા. પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધીથી માંડીને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જમાડનાર અશ્વિનભાઈ પંડ્યાને રસોઈકામમાં અનેક એવોર્ડ પણ મળ્યા છે.

સાતમી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ચોથા દિવસે ડો.પાર્વતી, સર્વજ્ઞ ભારીલેના પ્રવચનો

સુરત : વીરમતીબેન ફકીરચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટની પ્રેરણાથી, બેટર લાઇફ તથા સ્વપ્ન ભદ્રેશ શાહ ફાઉન્ડેશન, સુરતના સહયોગથી અને જૈન યુવક મહામંડળ, સુરતના ઉપક્રમે આયોજીત સાતમી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ચોથા દિવસે મુંબઈથી ડો. પાર્વતી નેણસી ખીરાણી અને જયપુરથી પ્રવક્તા સર્વજ્ઞ ભારીલેએ પ્રવચનો આપ્યા હતા. ડો. પાર્વતી નેણસી ખીરાણીએ "આત્માનો વિકાસક્રમ : ગુણસ્થાન" વિષય પર પ્રવચન આપતાં મોક્ષપ્રાપ્તિના માર્ગમાં રહેલા ગુણસ્થાનના ચૌદ પગથિયાં જેવા ગહન વિષયને અત્યંત સરળ અને રસપ્રદ ભાષામાં સમજાવ્યો હતો. બીજા સત્રમાં આધ્યાત્મિક પ્રવક્તા યુવા સર્વજ્ઞ ભારીલેએ "આત્મા હી હૈ શરણ" વિષય પર અત્યંત પ્રેરણાત્મક અને માર્મિક પ્રવચન આપ્યું હતું. આ સાથે વ્યાખ્યાનમાળાના ચોથા દિવસના પ્રવચનો પૂર્ણ થયા હતા. હવે આજે છઠ્ઠા દિવસે મુંબઈના લેખક-ચિંતક સુરેશભાઈ ગાલા "હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજી" વિષય પર તથા મધ્યપ્રદેશથી એમ.બી.એ., સી.એ. થયેલા, જૈનિઝમ સ્કોલર અને યુવા પંડિત અનુભવ જૈન "Jain Philosophy for Youth" વિષય પર પ્રવચન આપશે.

એડ્વોકેટ પ્રાચી અને ઈશાન દેસાઈનું પુસ્તકનું અનાવરણ કરાયું

સુરતઃ બેંકો ક્રેડિટ કાર્ડ પર ગ્રાહકો પાસેથી કેટલું વ્યાજ વસૂલી શકે તે નક્કી કરવાનો હક કોને છે? ઘર માટે રૂપિયા ઉધાર્યા પછી બિલ્ડર નાદારી નોંધાવે તો ગ્રાહકોનું શું થાય? વીમા કંપનીના સર્વે સામે ગ્રાહક ખાનગી સર્વે કરાવે તો વળતર કઈ રીતે નક્કી થાય? આવા અનેક સવાલોના અંતિમ જવાબ માટે દેશમાં સુપ્રીમ કોર્ટ જ સર્વોચ્ચ સત્તા છે, અને દરેક જાગૃત નાગરિકે તેના ચુકાદાઓ જાણવા-સમજવા જરૂરી છે. આ પૃષ્ઠભૂમિમાં કાયદા અને ગ્રાહક અધિકારોના ક્ષેત્રમાં રસ ધરાવતા વાચકો માટે ઉપયોગી થાય તેવું એડવોકેટ પ્રાચી અર્પિત દેસાઈ અને એડવોકેટ ઈશાન શ્રેયસ દેસાઈનું પુસ્તક 'સુપ્રીમ જજમેન્ટ્સ-૨૦૨૫' એડવોકેટ શ્રેયસ દેસાઈ પરિવાર દ્વારા રિલીઝ કરવામાં આવ્યું છે. લેખક એડવોકેટ પ્રાચી અર્પિત દેસાઈ અને એડવોકેટ ઈશાન શ્રેયસ દેસાઈએ જણાવ્યું હતું કે પુસ્તકમાં ૨૦ જેટલા કેસોની છણાવટ કરાઈ છે. ગ્રાહક કાયદાના જાણીતા એડવોકેટ અને દક્ષિણ ગુજરાતમાં આ ક્ષેત્રના ભીષ્મ પિતામહ ગણાતા શ્રેયસ દેસાઈનું આ પુસ્તક તૈયાર કરવામાં ખાસ માર્ગદર્શન રહ્યું હતું.

વ્હાઈટ લોટસ સ્કૂલમાં સ્વતંત્રતાસેનાની પ્રદર્શન યોજાયું

સુરતઃ વેસુ સ્થિત વ્હાઇટ લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા પ્રેરણાદાયી "વીર બાલક - સ્વાતંત્ર્ય સેનાની પ્રદર્શન 2026"નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શોભા અપેક્ષા પરદેશીએ વધારી હતી. તેમણે નિર્ણાયક તરીકે સહભાગી વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કર્યું હતું. આચાર્યા પૂર્વિકા સોલંકીએ વિદ્યાર્થીઓની ઉત્સાહભેર ભાગીદારીની પ્રશંસા કરી હતી. કાર્યક્રમના સમાપન પ્રસંગે તમામ સહભાગી વિદ્યાર્થીઓની પ્રશંસા કરવામાં આવી હતી અને તેમના પ્રયાસોને બિરદાવવામાં આવ્યા હતા.

કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે વિજય ભરવાડનું સન્માન

પૂરગ્રસ્તોને 'માલાભાઈ સારાભાઈ ભડિયાદરા એજ્યુકેશન ટ્રસ્ટે' એક લાખ ફૂડ પેકેટ, પાણીની બોટલો અને ખીચડીના ફૂડ પાર્સલનું વિતરણ કરી માનવતા મહેકાવી

સુરતઃ સુરતમાં સર્જાયેલી પૂર જેવી વિકટ પરિસ્થિતિ દરમિયાન જરૂરિયાતમંદોની વહારે આવીને તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી કરનાર માલાભાઈ સારાભાઈ ભડિયાદરા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા નોંધપાત્ર સેવા કાર્ય કરવામાં આવ્યું હતું. આ કામગીરી માટે સંસ્થાના પ્રમુખ વિજયભાઈ ભરવાડને કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે સન્માનિત કરાયા હતા. જોકે વિજયભાઈ હાજર ન હોવાથી તેમના તરફે આ સન્માન કલ્પેશભાઈએ મેળવ્યું હતું. પૂરગ્રસ્ત વિસ્તારોમાં કપરા સંજોગો વચ્ચે ટ્રસ્ટ દ્વારા આશરે એક લાખ ફૂડ પેકેટ, પીવાના પાણીની બોટલો તેમજ ખીચડીના ફૂડ પાર્સલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

નવી સિવિલની કેસ બારી પર 'લાઈનમાં ઊભા રહો' કહેતાં મહિલા ભડકી

માનસિક બીમાર મહિલાએ મોબાઈલ ફોનથી કેસ બારીનો કાચ તોડી નાંખ્યો

બીમાર મહિલા દર્દી અને ઓપરેટર વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ મામલો પોલીસ મથકે પહોંચ્યો

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલની જૂની બિલ્ડિંગમાં આવેલી કેસ બારી નંબર-8 પર મંગળવારે બપોરે દર્દી અને ઓપરેટર વચ્ચે માથાકૂટ થતાં ભારે હોબાળો સર્જાયો હતો. લાઈનમાં ઊભા રહેવા માટે કહેવામાં આવતા માનસિક બીમારીથી પીડિત મહિલા દર્દી ઉશ્કેરાઈ ગયા હતા. સામાન્ય બાબતને લઈને મહિલા દર્દી અને ઓપરેટર વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ હતી. મામલો વધુ ઉગ્ર બનતા ઓપરેટરે કેસ બારીની કાચની બારી બંધ કરી દીધી હતી. દરમિયાન રોષે ભરાયેલી મહિલા દર્દીએ પોતાનો મોબાઈલ ફોન બારીના કાચ પર મારી દેતા કાચ તૂટી ગયો હતો. ઘટનાનને લઈ લોકોમાં દોડધામ મચી ગઈ હતી. મામલો ગંભીર બનતા પોલીસ કંટ્રોલ રૂમના 112 નંબર પર જાણ કરવામાં આવી હતી. જાણ થતાં પોલીસ આવી પહોંચી હતી અને મહિલા દર્દી, ઓપરેટરને ખટોદરા પોલીસ સ્ટેશન લઈ જઈ બંનેના નિવેદન નોંધ્યા બાદ છોડી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ઓપરેટરોના વર્તન સામે ભૂતકાળમાં પણ ફરિયાદો ઊઠી ચૂકી છે

ભૂતકાળમાં પણ કેસ બારી પર ફરજ બજાવતા કેટલાક ઓપરેટરોના વર્તન અને મનમાનીને લઈને દર્દીઓ તથા તેમના સંબંધીઓ સાથે ઘર્ષણની ઘટનાઓ સામે આવી ચૂકી છે. સારવાર માટે પહેલેથી જ માનસિક તણાવમાંથી પસાર થઈ રહેલા દર્દીઓ સાથે ઓપરેટરો દ્વારા તોછડું અથવા ઉગ્ર વર્તન કરવામાં આવતું હોવાની ફરિયાદો પણ અગાઉ ઉઠી છે. આવા સંજોગોમાં દર્દીઓ સાથે સંવેદનશીલતા અને શાંતિપૂર્વક વ્યવહાર કરવામાં આવે તેમજ કેસ બારી પર દર્દીઓની સુવિધા જળવાઈ રહે તે જરૂરી છે.

દિલ્હીના ટ્રસ્ટના નામે લોનની સ્કીમ બતાવી ૧૯.૮૪ લાખની ઠગાઈ

સુરત : નાનપુરાના નવાબી મસ્જિદ પાસે રહેતા ૫૩ વર્ષીય બીબીખાતુન અમીન જરીવાલા અગાઉ કપડાં સીવવાનું કામ કરતા હતા ત્યારે ૨૦૦૮થી રુબીના ગફ્ફાર મુલતાની સાથે પરિચય થયો હતો. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રુબીનાએ બીબીખાતુનને પોતે 'જમીયતે તીઝારત' નામના દિલ્હીના ટ્રસ્ટમાં રોકાણની સ્કીમ બતાવીને તેની પાસેથી 4.82 લાખની લોન કરાવીને પોતાના ખાતામાં આ રકમ લઈ લીધી હતી. બાદમાં ભાર્ગવ વ્યાસ નામની વ્યક્તિને પણ નાણાંની જરૂર છે તેમ કહી 10.90 લાખ પડાવી લીધા હતા. આની સામે જે બે ચેક રુબીનાએ આપ્યા હતા. તે રિટર્ન થયા હતા અને રુબીના સુરતથી ભાગી ગઈ હતી. રુબીનાએ પિડીતાની દીકરીની મિત્રના પતિના 4,12 લાખ પણ પડાવી લીધા હતા.

પત્નીને ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરનાર પતિને આજીવન કેદ

જમવા બાબતે ઝઘડો થતાં પત્ની મામાના દીકરાના ઘરે ચાલી જતાં ઉશ્કેરાયેલા પતિએ પત્નીને પતાવી દીધી

સુરતઃ પત્નીને ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરનાર પતિને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો હતો.

આ કેસની હકીકત મુજબ મૂળ એમપીના ઝાબુઆ જિલ્લાના ઈટાવાના વતની અને ઉધના બીઆરસી ટેક્સટાઈલ બુર્સ પાછળ પતરાની રૂમમાં રહી મજૂરી કામ કરતા અકલેશ ઉર્ફે અકલુ હુકાભાઈ ભુરીયા અને તેની પત્ની અંજુબેન ઉર્ફે કાલી વચ્ચે તા. 23/08/2024ના રોજ રાત્રે જમવાનું બનાવવા બાબતે બોલાચાલી થઈ હતી. પતિએ માર મારતાં અંજુબેન રિસાઈને નજીકમાં જ રહેતા તેમના મામાના દીકરા જાનુસિંગ અમરસિંગ કલારાના ઘરે ચાલ્યા ગયા હતા. બીજા દિવસે એટલે પતિ અકલેશ પત્નીને તેડવા ગયો હતો, પરંતુ અંજુબેને સાથે આવવાની ના પાડી દીધી હતી. જેથી ઉશ્કેરાયેલા પતિએ ઘરમાંથી શાકભાજી સમારવાનું ચપ્પુ લઈ બીઆરસી ટેક્સટાઈલ બુર્સના વિંગ-જી પાસે બનાવેલા શૌચાલય પાસે પત્નીને અટકાવી ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી હતી. આ બનાવમાં ઉધના પોલીસે ગુનો નોંધી આરોપી પતિની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સેશન્સ કોર્ટમાં ચાલી હતી. સરકાર પક્ષે એપીપી સંતોષ ગોહિલે સાક્ષી-પુરાવા રજુ કરી કેસ પુરવાર કરવામાં સફળ થતાં કોર્ટે આરોપી અકલેશને આજીવન કેદની સજા ફટકારી હતી.

પતિના ઝઘડાથી કંટાળેલી નર્સે પિયરમાં ફાંસો ખાધો

ચલથાણમાં પતિ સાથેના ઝઘડામાં પાંચ માસથી ડિંડોલી પિયરે રહેતી હતી

સુરતઃ ચલથાણમાં પતિ સાથેના અવારનવારના ઝઘડાથી કંટાળીને પિયરે રહેતી 24 વર્ષીય નર્સે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના વતની સુનિલ ગુલાબભાઈ ચૌહાણ હાલ નવાગામ ડિંડોલીના નીલકંઠનગરમાં પરિવાર સાથે રહે છે અને સંચા ખાતામાં નોકરી કરે છે. તેમની 24 વર્ષીય પુત્રી લલિતા નવાગામ જકાતનાકા પાસે આવેલી ત્રિપાઠી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી હતી. લગ્ન ચાર વર્ષ બાદ પતિ-પત્ની વચ્ચે અવારનવાર ઝઘડા થતા રહેતા હતા. પતિ દારૂ પીને ઘરે આવ્યા બાદ ઝઘડો કરી લલિતાને હેરાન કરતો હોવાના આક્ષેપ વચ્ચે લલિતા આશરે પાંચ માસ પહેલાં પતિનું ઘર છોડીને ડિંડોલી ખાતે પિયરે રહેવા આવી ગઈ હતી.

દરમિયાન કાલે બપોરના સમયે લલિતાએ ઘરે લોખંડના હુક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવની જાણ થતાં ડિંડોલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને લલિતાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. પિતાના આક્ષેપ મુજબ, પતિના અવારનવારના ઝઘડા અને કથિત હેરાનગતિથી કંટાળીને લલિતાએ આ અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

અમરોલીના 'અંદર-બહાર'નો જુગાર રમતી મહિલાઓ પકડાઈ

રૂપિયા ૨૫,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો

સુરત : અમરોલી યોગી આર્કેટ પાસે આવેલી આસ્થા રેસીડન્સીના ફ્લેટ નંબર જી/૧૦૨માં કેટલાક લોકો એકત્ર થઈને હારજીતનો જુગાર રમી હોવાની બાતમીના આધારે પોલીસે સચોટ આયોજન કરીને ફ્લેટ પર અચાનક દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન ફ્લેટમાં ગંજીપાના વડે પૈસાની હારજીતનો 'અંદર-બહાર'નો જુગાર રમતી મહિલાઓમાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે ઘટનાસ્થળેથી રોકડા રૂપિયા ૨૦,૪૦૦ તથા દાવ પરથી મળી આવેલ રોકડા રૂપિયા ૪,૯૦૦ મળી કુલ રૂપિયા ૨૫,૩૦૦ની રોકડ રકમ જપ્ત કર્યા છે.

જુગારધામમાં પકડાયેલી ૧૦ મહિલા

રીનાબેન અલ્પેશભાઈ ગોળ (ઉ.વ. ૪૦, રહે. આસ્થા રેસિડન્સી, અમરોલી), કલાવતીબેન રવિભાઈ સાવલીયા (ઉ.વ.૩૯, રહે. સહજાનંદ સ્ક્વેર, કોસાડ રોડ), રેખાબેન ભરતભાઈ રાખોલીયા (ઉ.વ. ૪૪, રહે. પટેલ ફળિયું, કતારગામ), કાજલબેન દેવરાજભાઈ શીરોયા (ઉ.વ. ૫૦, રહે. અતુલયમ રેસીડન્સી, પાસોદરા), આશાબેન અતુલભાઈ ક્યાડા (ઉ.વ. ૩૦, રહે. યમુનાનગર, નાના વરાછા), નિલમબેન અનિલભાઈ ગોહીલ (ઉ.વ. ૩૬, રહે. છાપરાભાઠા, અમરોલી), હંસાબેન પિયુષભાઈ દેલવડીયા (ઉ.વ.૪૦, રહે. સૌરાષ્ટ્ર રેસીડન્સી, વેલંજા), રશ્મિબેન જીતુભાઈ પટેલ (ઉ.વ. ૫૪, રહે. ગણેશનગર, ખોલવડ), બિનાબેન રાજેશભાઈ ગઢાણીયા (ઉ.વ. ૪૫, રહે. શક્તિધારા એપાર્ટમેન્ટ, વરાછા), હર્ષિતાબેન ઉર્ફે હર્ષાબેન નથુભાઈ ઠાકુર (ઉ.વ. ૫૫, રહે. અંકુર સોસાયટી, વરાછા)